જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૦૬/૨૦૨૧ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૧૧૧/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૧/૦૬/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૫૫૨	૦	૧૧૫૫૨	૧૭૬૬૭	૦	૧૭૬૬૭
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૮	૧૧	૪૭૧૯	૬૨૪૩	૧૧	૬૨૫૪
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૯૨	૦	૯૨	૩૩૨	૦	૩૩૨
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૫૮૧૩૦	૪૩૯	૫૮૫૬૬	૫૮૭૩૬	૪૨૦	૫૯૧૫૩
કુલ		૭૪૪૮૨	૪૫૦	૭૪૯૩૨	૮૨૯૭૮	૪૩૧	૮૩૪૦૯

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૮૮	૨,૮૨,૮૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૮૦૯	૨૮,૦૯,૦૦૦/-

"મુસ્કાન માટે રક્તદાન-૨૦૨૧" વિગત

વાસણા પોલીસ સ્ટેશન

અમદાવાદ શહેર વાસણા પોલીસ સ્ટેશન દ્વારા "મુસ્કાન માટે રક્તદાન-૨૦૨૧" કાર્યક્રમ હાથ ધરીને થેલેસેમિયા મેજર બાળકોને નિયમિત રક્તદાન મળી રહે તે હેતુથી આજરોજ તા.૨૨/૦૬/૨૦૨૧ મંગળવાર સવારના ૯/૦૦ થી સાજના ૪/૦૦ વાગ્યા સુધી વાસણા મ્યુનિસિપલ હોલ ખાતે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવેલ હતુ.





નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૧૧૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૨ કેસ કરી, ૬૧ વ્યક્તિઓને ઝડપી, ૨૨૭ લીટર દેશી દારૂ, ૯૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ સ્કુટર અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૪ કેસ કરી ૨૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૬,૩૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૧૧૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૨૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૧૧૪/૨૦૨૧**

કૃષ્ણનગરઃ રઘુવીરસિહ મોકમસિહ ચાવડા (રહે. ન્યુ નંદનવન સોસાયટી વિભાગ-૨ વ્યાસવાડી સામે નવા નરોડા) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૬/૨૦૨૧ સવારના ૮/૦૦ થી તા.૨૧/૦૬/૨૦૨૧ સવારના ૭/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાના નકુચા તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી ઇન્ડિયન બનાવટની બત્રીસ બોર રિવોલ્વર તથા છ જીવતા કારતુસ અને ચાંદીના સિક્કા નંગ-૪ તેમજ રોકડ રૂપિયા ૪૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૪૯,૬૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એમ.ગોહીલ ચલાવે છે.

અમરાઈવાડીઃ નરેન્દ્રસિહ ગોવિંદસિહ ડાભી (રહે. શ્રીજી બંગ્લોઝ સ્મૃતિ મંદિર સામે ધોડાસર) એ અમરાઈવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૦૬/૨૦૨૧ સાજના ૭/૦૦ થી તા.૨૧/૦૬/૨૦૨૧ સવારના ૮/૩૦ વાગ્યા દરમ્યાન અમરાઇવાડી શ્રમજીવી વસાહતમાં આવેલ શેડ નંબર ૧૧/૨ માં દેવ મેટલ ટ્રીટમેન્ટ નામના પોતાના કારખાનાની છતના પતરાની ખુલ્લી જગ્યા વાટે અજાણી વ્યક્તિ કારખાનામાં પ્રવેશ કરી એમ્પલીફાયર (ટેપ) નંગ-૨ કિમત રૂપિયા ૧૫૦૦/-, લેપટોપ કિમત રૂપિયા ૧૦,૦૦૦/- અને રોકડા રૂપિયા ૨૭,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩૮,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જી.બાવા ચલાવે છે.

સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૧૧૧૫/૨૦૨૧**

વસ્ત્રાપુરઃ રશ્મિ ડો/ઓ શ્રીચંદ છાબરા (ઉ.વ.૩૧) (રહે. વિશ્રામનગર સોસાયટી ગુરૂકુળ રોડ ઘાટલોડીયા) તા.૨૧/૦૬/૨૦૨૧ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે બોડકદેવ અદ્વૈત કોમ્પલેક્ષ સામે કોર્પોરેશનના ખાલી પ્લોટ આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ રશ્મિ છાબરાના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૬૦,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રશ્મિ છાબરાએ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એચ.રાવલ ચલાવે છે.

વિજ કરંટ લાગતા મૃત્યુ :- **સમાચાર યાદી નં.૧૧૧૬/૨૦૨૧**

શહેરકોટડાઃ અમદુપુરા ભગવતીનગર સોસાયટી સામે મજારે કુત્બી ક્ન્ટ્રક્શન સાઇટ ખાતે મજુરી કામ કરતા અને ત્યા જ રહેતા ક્લ્પેશ ગુમજીભાઇ ગણાવા (ઉ.વ.૨૦) (મુળ વતન. તાળ ફળિયુ સાહ્ડા પાંચવાડા દાહોદ) તા.૨૧/૦૬/૨૦૨૧ ક્લાક ૮/૩૦ વાગ્યાના સુમારે ક્ન્ટ્રકશન સાઈટ ઉપર કામ કરતા હતા ત્યારે પાણીની મોટરમાંથી વિજ કરંટ લાગતા સારવાર માટે તેમને શારદાબેન હોસ્પિટલ લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અશોકભાઇ રમેશભાઇ ચલાવે છે.

વટવા જીઆઈડીસીઃ ધવલ સ/ઓ શૈલેશભાઇ નાઇ (ઉ.વ.૧૯) (રહે. મહાશક્તિનગર સોસાયટી જનતાનગર ક્રોસીગ પાસે ઘાટલોડીયા) તા.૨૧/૦૬/૨૦૨૧ સાજના ૬/૦૦ વાગ્યાના સુમારે વટવા જીઆઇડીસી ફેઝ-૧, ૧૨ શ્યામ ઉજજવલ ઇંડ્રસ્ટ્રીયલ એસ્ટેટમાં XH2O સોલ્યુસન કંપનીમાં FCR(ગ્રીન) સાઇટ ઉપર ઇલેકટ્રીશીયન તરીકે કામ કરતા હતા ત્યારે કંપનીના સાઇટના મેઇન ઇલેકટ્રીક ડી.પીમાંથી લીધેલ બોર્ડ વાયર નીચે પડેલ હતો જે વાયર બાજુમાં મુકવા જતા વિજ કરંટ લાગતા સારવાર માટે એલ.જી.હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વટવા જીઆઈડીસી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી અનિલભાઇ ગોવિંદભાઇ ચલાવે છે.

ખાડામાં દટાઈ જતા મૃત્યુ :- **સમાચાર યાદી નં.૧૧૧૭/૨૦૨૧**

નરોડાઃ નિકોલ કઠવાડા પી.દસ.ઇંફાસ્ટ્રક્ચર પ્રા.લિ.નામની કંપનીમાં રહેતા અને મજુરી કામ કરતા ગજ્જુ સ/ઓ રમેશભાઇ ભુરીયા (ઉ.વ.૨૬) (મુળ વતન. ગામ.સાસાપુરા તા-ગાયુઆ જી-કુંદપુરા મધ્યપ્રદેશ) તા.૨૧/૦૬/૨૦૨૧ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે નરોડા એસ.પી.રીંગ રોડ હંસપુરા સર્કલની બાજુમાં ખાડામાંથી માટી કાઢવા ખાડામાં ઉતર્યા હતા ત્યારે ખાડાની ભેખડ ધસી પડતા ગજ્જુ ભુરીયા માટી નિચે દબાઈ જતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.ઠાકોર ચલાવે છે.

અપમૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૧૧૮/૨૦૨૧**

સાબરમતીઃ ત્રાગડ ગોદરેજ ગાર્ડન સીટી રોડ આર્યન એમરલ્ડ સાઇટ ખાતે મજુરી કામ કરતા અને ત્યા જ રહેતા રમેશભાઇ રામાભાઇ ખાંટ (ઉ.વ.૨૮) (મુળ વતન. નઇબસ્તી ભાદર પોસ્ટ-ગુવડ તા-સિમલવાડા જી-ડુંગરપુર રાજસ્થાન) નાઓનો અઢી વર્ષનો પુત્ર મોહીત તા.૨૧/૦૬/૨૦૨૧ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે સાઈટના “ઇ” બ્લોક ખાતે લોખંડના કછેડા પાસે પાર્કીંગમાં રમતો હતો ત્યારે લોખંડનો કછેડો તેના ઉપર પડતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે સોલા વંદેમાતરમ ગોતા સીમ્સ હોસ્પિટલ લઈ જતા ફરજ પરના ડો.શ્રીએ મૃત જાહેર કર્યો હતો. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ઉપેન્દ્રસિહ વિજયસિહ ચલાવે છે.

ઓઢવઃ કાજલબહેન જીગ્નેશભાઇ નીનામા (ઉ.વ.૨૧) (રહે. કરડગામ પુલાવ ફળીયા તા-ઝાલોદ જી-દાહોદ) તા.૩૧/૦૫/૨૦૨૧ બપોરના ૨/૨૫ વાગ્યાના સુમારે ઓઢવ વલ્લભનગર સામે એન.આર.ફેબ્રીકેશન ખાતે ખોદકામ કરતી વખતે તેમની ઉપર દિવાલ પડતા ગંભીર ઈજાઓ થતા વધુ સારવાર માટે વડોદરા એસ.એસ.જી.હોસ્પિટલ ખાતે રીફર કરતા જ્યાં સારવાર દરમ્યાન તા.૦૧/૦૬/૨૦૨૧ કલાક ૧૨/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ડી.ભટ્ટ ચલાવે છે.

<u>આત્મહત્યાઃ-</u> **<u>સમાચાર યાદી નં.૧૧૧૯/૨૦૨૧</u>**

રિવરફ્રંટ વેસ્ટઃ સંજયભાઇ ગોપાલભાઇ પટણી (ઉ.વ.૨૯) (રહે. બોરડી વટનગર સોસાયટી શારદાબેન હોસ્પિટલ પાસે સરસપુર) એ બિમારીથી કંટાળી તા.૨૧/૦૬/૨૦૨૧ બપોરના ૩/૩૦ વાગ્યા પહેલા આંબેડકરબ્રિજ નીચે રિવરફ્રન્ટ વોક-વે સીડી નંબર-૪૧ નજીક નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મયુરદાન અજીતદાન ચલાવે છે.

વટવાઃ કિરીટસિહ સ/ઓ વાલજીભાઈ સોલંકી (ઉ.વ.૪૮) (રહે. સ્વામિનારાયણ સોસાયટી જીવણવાડી ચાર રસ્તા નિકોલ) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૬/૨૦૨૧ બપોરના ૩/૫૦ થી ૪/૨૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન વટવા સ્મૃતિ મંદીર સામે ધોડાસર સ્વાતિ મેચીંગ સેન્ટર નામની પોતાની દુકાન ખાતે લોખંડ કાપવાના ઈલેક્ટ્રીક મશીન (કટ્ટર) વડે ગળા પર કટર મારી આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી અનિલસિહ પ્રહલાદજી ચલાવે છે.

પાલડીઃ ચંદુજી ગલબાજી ઠાકોર (ઉ.વ.૬૦) (રહે.મણીબેનની ચાલી પીટી કોલેજ રોડ પાલડી) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૫/૨૦૨૧ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડ પી લીધુ હતુ. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૧/૦૬/૨૦૨૧ બપોરના ૧/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે પાલડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગંગેવદાન રાજસિહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી